રાજ્યની બિનસરકારી અનુદાનિત ગ્રામ વિદ્યાપીઠો/જી.બી.ટી.સી. સંસ્થાઓના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની લાયકાતોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
બ્લોક નં. ૫, આઠમો માળ,
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા :

1. શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : ગઉશા/૨૦૧૭/૧૦૦/ખ-૧
2. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીનો તા.૨૪-૦૭-૨૦૨૫નો પત્ર ક્રમાંક : ગ્રા.વિ./ઠ.સુધારા/૨૫-૨૬/૩૪૭

ઠરાવ

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૦૫-૦૭-૨૦૧૭ના ઠરાવથી રાજ્યની અનુદાનિત ગ્રામ વિદ્યાપીઠમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતી અન્વયે શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે. ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના પત્રથી ઉક્ત ઠરાવથી નિયત કરવામાં આવેલ લાયકાતમાં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

પુર્વ્યત વિચારણાના અંતે શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૦૫-૦૭-૨૦૧૭ના ઠરાવમાંની રાજ્યની અનુદાનિત ગ્રામ વિદ્યાપીઠમાં બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતી અન્વયે બિન-શૈક્ષણિક જગ્યાઓની લાયકાતમાં નીચે મુજબ આથી સુધારા કરવામાં આવે છે,

ક્રમ	જગ્યાનું નામ	વિભાગના તા.૦૫-૦૭-૨૦૧૭ના ઠરાવ પ્રમાણે લાયકાતના ધોરણો	સુધારેલ લાયકાતના ધોરણો
૧	સંશોધન મદદનીશ	બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી.(એગ્રી)પ્રથમ વર્ગ	બી.આર.એસ. અથવા બી.એસ.સી. (એગ્રી)
૨	ગ્રંથપાલ	સ્નાતક અને બી.લીબ. પ્રથમ વર્ગ, એમ.લીબ.ને પ્રથમ પસંદગી	બી.લીબ.
3	ગૃહપતિ	સ્નાતક -બી.આર.એસ.ને પ્રથમ પસદગી	સ્નાતક
૪	ગૃહમાતા (મહિલા)	મહિલા સ્નાતક -બી.આર.એસ.ને પ્રથમ પસદગી	સ્નાતક
૫	શ્રમ સંયોજક	બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી. (એગ્રી) પ્રથમ વર્ગ	બી.આર.એસ. અથવા બી.એસ.સી. (એગ્રી/હોર્ટીકલ્ચર)
૬	સ્ટોકમેન	બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા સ્ટોકમેનના પ્રમાણપત્ર સાથે બી.આર.એસ.	બી.આર.એસ. પશુપાલન વિષય સાથે) અથવા સ્ટોકમેનના પ્રમાણપત્ર સાથે બી.આર.એસ.
૭	વિસ્તરણ અધિકારી	લાયકાત નકકી કરેલ ન હતી	એમ.આર.એસ.૫૫ ટકા ગુણ (બી.આર.એસ-વિસ્તર ણ સાથે કરેલ હોવું જોઇએ) અથવા એમ.એસ.સી. (એગ્રી/એકસટેન્શન) ૫૫ ટકા ગુણ અથવા એમ. એસ. ડબલ્યુ ૫૫ ટકા ગુણ

Signature Not Verified
Signed by : Ashish Chaudhari
Under Secretary
Education Department
Date : 2025.12.31 15:42:41 IST

૮	હિસાબનીશ	એમ.બી.એ. અથવા એમ.સી.એ. અથવા એમ. કોમ અથવા એમ.એસ.સી. (ગણીતશાસ્ત્ર /આંકડાશાસ્ત્ર) અથવા એમ.એ. (આંકડાશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર/ગણિતશાસ્ત્ર) અથવા બી.બી.એ. બી.સી.એ./બી.કોમ./બી.એસ.સી. (ગણીતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર)|બી.એ.(આંકડાશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર/ ગણિતશાસ્ત્ર)ની બીજા વર્ગની પદવી અથવા સમકક્ષ શૈક્ષણિક લાયકાત તેમજ (૧) સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના તા. ૧૩/૦૮/ ૨૦૦૮ તથા ૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સી.આર.આર. /૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજક કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ (૩) ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. ટેલી એકાઉન્ટીગના જાણકારને પસંદગીમાં અગ્રતા.	બી.બી.એ./બી.કોમ./બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર|આંકડાશાસ્ત્ર) / બી.એ. (આંકડાશાસ્ત્ર /અર્થશાસ્ત્રા/ગણિતશાસ્ત્ર) ની પદવી અથવા સમકક્ષ શૈક્ષણિક લાયકાત
૯	સિનિયર કલાર્ક	માન્ય યુનિવર્સિટીના સ્નાતક તેમજ (૧) સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના તા. ૧૩/૦૮/ ૨૦૦૮ તથા ૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સી.આર.આર./૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજક કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. વિકલ્પે (૨) કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ (૩) ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. ટેલી એકાઉન્ટીગના જાણકારને પસંદગીમાં અગ્રતા.	માન્ય યુનિવર્સિટીના સ્નાતક
૧૦	જુનિયર કલાર્ક	ધોરણ -૧૨ (એચ.એસ.સી.) પાસ તેમજ (૧) સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના તા. ૧૩/૦૮/ ૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક સી.આર.આર./૧૦ /૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજક કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. વિકલ્પે (૨) કોમ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ (૩) ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.	માન્ય યુનિવર્સિટીના સ્નાતક

૨. લોકભારતી, સણોસરા ગ્રામ વિદ્યાપીઠ ખાતેની, સાતમાં પગાર પંચમાં મંજૂર, નિયામકશ્રીની જગ્યાની લાયકાત કે ભરતી પ્રક્રિયા નિયત થયેલ ના હોઈ, નીચે મુજબ, ભરતી પ્રક્રિયા અને લાયકાતના ધોરણો આથી નિયત કરવામાં આવે છે.

a. જ્યારે નિયામકની જગ્યા ખાલી પડે, ત્યારે લોકસેવા મહાવિદ્યાલયના તે વખતના વર્તમાન શૈક્ષણિક કાર્યકરો આ જગ્યા માટે લેખિતમાં અરજી કરી શકે છે.

b. આ અરજીઓની ચકાસણી કરી, તે પૈકી યોગ્ય લાયકાત ધરાવતા, સમગ્ર સંચાલન અને સંકલનની આવડત ધરવાતા અને જરૂર પડે રૂબરૂ મુલાકાત લઈ નીચેડેલા કોઈ કાર્યકરની પસંદગી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટનું વ્યવસ્થાપક મંડળ કરશે.

Signature Not Verified
Signed by : Ashish Chaudhari
Under Secretary
Education Department
Date : 2025.12.31 15:42:41 IST

File No: ED/KMR/e-file/3/2025/3483/KH-1 Higher Education
Approved By: Principal Secretary,ED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

c. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટનું વ્યવસ્થાપક મંડળ દ્વારા કરવામાં આવેલી આ પસંદગીને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને બહાલી ગાટે મોકલવામાં આવશે.

d. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર બહાલી મળ્યે જે તે કાર્યકરને આ નિયુક્તિ આપવામાં આવશે.

e. નિયામકની નિયુક્તિ થયેથી તે અધ્યાપકની ખાલી પડેલી જગ્યા પર ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર તે જગ્યા પૂરવા નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરશે.

ઉપરોક્ત હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૯/૧૨/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉ. અને ટે.શિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કુલપતિશ્રી, સર્વે સરકારી યુનિવર્સિટીઓ(કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ મારફત)
- રજીસ્ટ્રારશ્રી, સર્વે સરકારી યુનિવર્સિટીઓ(કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ મારફત)
- આચાર્યશ્રી, તમામ ગ્રામવિદ્યાપીઠો અને જી.બી.ટી.સી. સંસ્થાઓ (કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ તરફ સદર ઠરાવ ઓનલાઇન અપલોડ કરવાની કાર્યવાહી સારૂ.
- સિલેક્ટ ફાઇલ.

વનસેવા મહાવિદ્યાલય, બીલપુડી
તા. ધરમપુર, જિ. વલસાડ.
આવક નં. 36
આ. તા. 2-1-2026
સહી

વનસેવા મહાવિદ્યાલય બીલપુડી
ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત
વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન
તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ. વલસાડ

Signature Not Verified
Signed by : Ashish Chaudhari
Under Secretary
Education Department
Date : 2025.12.31 15:42:43 IST